Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

દોહરો.

મનુ જન્મ પામી કરી, કરો જ્ઞાન વિકાશ;
નેહ યુકત ચિત્તે કરી, વાંચો જૈન પ્રકાશ.

પુસ્તક ૧૯ મું. શાકે ૧૮૨૫. સંવત ૧૯૫૯. ભાદ્રપદ. અંક ૬ ઠો.

## बीजी जैन कोन्फरन्स.

મુંબઇમાં થનારી જૈન કોન્ફરન્સની બીજી બેઠક સંબંધી કામ અત્યાર સુધીમાં ઘણું આગળ વધ્યું છે અને આ અંક બાહાર પડતા સુધીમાં તો ઘણું વધી જશે જેથી અહીં એ વિષયમાં બીજુ કાંઇ પણ લખવાની અપેક્ષા રહેતી નથી. પરંતુ કોન્ફરન્સની અંદર જે જે વિષયો ચરચાવાના ઠર્યા છે તે સંબંધમાં કાંઇક વિશેષ અજવાળું પાડવાની અપેક્ષા રહે છે.

૧ જીર્ણ પુસ્તકોદ્ધારના સંબંધમાં વિચાર કરતાં તેના ઉદ્ધાર માટે ચાર પ્રકારની કર્તવ્યતા જણાય છે. પહેલાં તો જેટલા પુસ્તકો કાળ ક્રમે અનેક આપત્તિઓનો ભોગ થવાથી નાશ પામતાં પામતાં બાકીનાં રહેલા છે તે હવે શરદી યા ઉધેહી વિગેરે કોઇ પણ પ્રકારની ઉપાધિથી નાશ ન પામે તેને માટે ચાંપતા ઉપાયો લેવા જોઇએ. કારણ કે પુસ્તકો તે આપણી કોમનો ખરેખરો વારસો છે. આપણા પૂર્વાચાર્ય મહારાજાઓ આપણે માટે જે અખુટ અને અપરિમિત દોલત મુકી ગયા છે કે જે દોલતવડે આપણે અજરામર સંપત્તિ મેળવી શકીએ અને દોલત એમની એમ કાયમ રહે તે આપણા પ્રાચિન પુસ્તકોજ છે. તેનો સંગ્રહ જેના કબજામાં હોય તે કાંઇ તેના માલેક નથી. તેના માલેક શ્રી સંઘ છે. કબજાદારની સત્તા તેનું સંર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષણ કરવાની અને તે સાથે તેનો યોગ્ય ઉપયોગ થવા દેવાની છે, નહી કે પડયા પડયા ઉધેહીને ખવરાવી દેવાની કે રાખી મુકવાની આ બાબતમાં શ્રી સંઘે જરૂર સત્વર ઉપાયો લેવાની આવ. શ્યકતા છે. કેમકે આનો વિનાશ તે આપણી વાસ્તવીક દોલતનોજ વિનાશ છે. તેથી તેને માટે યોગ્ય પગલાં ભરવાં તે જીર્ણ પુસ્તકોદ્ધારનો પહેલો પાયો છે.

ત્યારબાદ તેવા તમામ પુસ્તકોનું લીસ્ટ તૈયાર કરાવવાની ખરેખરી આ. વશ્યકતા છે. પૂર્વાચાર્ય મહારાજાઓ અહર્નિશ પ્રયાસ કરીને ગ્રંથો રચી ગ. યા છે અને દ્રવ્યવાન્ પુરૂષો તેની પ્રતો લખાવી ગયા છે તે માત્ર ભંડાર શોભાવવા માટે નહીં પણ તેનો ફેલાવો કરવા અને અનેક ઉત્તમ જીવોને તેનો લાભ આપવા. ત્યારે પછી તેનું લીસ્ટ આપવું અને છપાવવા દેવું તે. માં અડચણ શા માટે લેવામાં આવે છે? આજે હવે કોઇ છીનવીને લઇ જાય એવો વખત નથી કે જેથી કાંઇ પણ ભય રાખવો પડે. આ પ્રમાણે લીસ્ટ બહાર પાડવું તે જીર્ણ પુસ્તકોદ્ધારનો બીજો પાયો છે.

ત્યાર પછી જે જે પુસ્તકોની નકલો બહુ જુજ એકાદ બેજ હોય, ગ્રંથ મોટા હોય, શુદ્ધ પ્રતિ ક્વચિતજ મળતી હોય, અને પ્રસિદ્ધિમાં લાવ. વાની આવશ્યકતા હોય તેવા ગ્રંથો સારી રીતે શુદ્ધ કરાવીને, ઉંચા કાગ. ળો ઉપર, આશાતના ન થાય તેવી રીતે, મૂળ ટીકા વિગેરે સહિત છપાવી ને બહાર પાડવા અને તેની એક એક પ્રત દરેક ભંડારોમાં મુકાવવી. જેથી તે ગ્રંથનો ફેલાવો ઘણો થશે અને લખાવવાથી થતો પુષ્કળ ખર્ચ અને વધતી જતી અશુદ્ધિ અટકશે. છપાવવા કરતાં લખાવવું ઠીક એવા વિચાર ધરાવનારા ગૃહસ્થો જો લહીઆના લેખની અશુદ્ધિ તરફ નજર કરશે તો અમે ધારીએ છીએ કે તેઓ પણ અમારા વિચારને મળતા થશે. પ. રંતુ તેવી લખેલી પ્રતોનો વાંચીને અનુભવ કર્યા શિવાય ખબર પડવાની નથી. છપાવવામાં તો એક પ્રતિ શુદ્ધ કરવાનીજ જરૂર પડે છે કે જેને માટે જેટલો ખર્ચ કે જેટલા વખતનો ભોગ આપીએ તેટલો બની શકે તેમ છે. આ જીર્ણ પુસ્તકોદ્ધારનો ત્રીજો પાયો છે.

જીર્ણ પુસ્તકોદ્ધારનો ચોથો પાયો એક વિદ્વન્મંડળનું સ્થાપન કરવું તે છે. તેને માટે આ માસીકમાં અગાઉ સવિસ્તર લખેલું હોવાથી પિષ્ટપેષણ કરવાની આવશ્યકતા નથી. પરંતુ એટલું લખવાની તો ખાસ જરૂરજ છે કે એવા કોઇ પ્રકારના અંકુશ શિવાય જો ગ્રંથો કે સૂત્રો વિગેરે મૂળ કે ભા. ષાન્તર યથેચ્છપણે છપાવવાનું આજીવિકા માટે કે પરમાર્થ બુદ્ધિએ શરૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યું તો તેનું પરિણામ આપણા અપૂર્વ ગ્રંથોની મહત્વતા ઘટાડવામાં આ-પણે પણ ઉપેક્ષા કરનાર ઠરવાથી દોષ પાત્ર ઠરવામાં આવશે

૨ બીજો વિષય **જીર્ણ ચૈત્યોદ્ધારનો** છે. આ વિષય આપણા વર્ગમાં ઘણો ચરચાયેલો છે. હવે દ્રવ્યનો પ્રવાહ નવા ચૈત્યો બંધાવવાને બદલે જીર્ણ ચૈત્યોના ઉદ્ધાર તરફ વળવાનીજ જરૂર છે. આ વિષયના મુખ્ય બે વિભાગ પાડી શકાય તેમ છે. તીર્થોનો ઉદ્ધાર અને સામાન્ય ચૈત્યોનો ઉદ્ધાર, આ બાબતમાં પ્રથમ એક લીસ્ટ તૈયાર થાય કે અમુક અમુક સ્થાનકે આટલાં ચૈત્યો જીર્ણ સ્થિતિમાં છે, સમરાવવાની તાત્કાળિક આવશ્યકતાવાળાં છે. અને તેને માટે આટલા ખર્ચની જરૂર છે, તો પછી આજુબાજુના આગે-વાનોને લખી તેને માટે યોગ્ય ગોઠવણ કરવી અનુકુળ પડે. કોઇ લાભાંત-રાયના ત્રોડવાથી દ્રવ્યવાન થયેલા ભાગ્યશાળી પુરૂષો આવા કામમાં પોતાના દ્રવ્યનો સદુપયોગ કરવા માટે સારી રકમ આપવા બહાર પડે તો બીજાઓ પણ તેનું અનુકરણ કરે અને કામ થવા લાગે.

૩ **વ્યવહારિક અને ધાર્મિક કેળવણી સંબંધી** ત્રીજો વિષય છે. તે બંનેની તો ખાસ આવશ્યકતાજ છે. એકની આ ભવને માટે ને બીજાની પરભવને માટે, આ ભવ સુધારીને પરભવ બગાડવો તે સુજ્ઞજનોનું કાર્ય નથી. આ સંબંધમાં મુખ્ય વૃત્તિએ તો કેટલાક બુદ્ધિશાળી છતાં ગરીબી અવસ્થાના કારણથી કેળવણી લઇ શકતા ન હોય તેને મદદ આપવી, આ-શ્રયસ્થાન આપવું અને તેને શ્રદ્ધાહીન ન થવા દેવા માટે આશ્રય આપવાના બદલામાં ધાર્મિક કેળવણી લેવાની ફરજ પાડવી. બાલ્યાવસ્થાથી અપાતી કે-ળવણીમાંજ જે મિથ્યાત્વના કે નાસ્તિકપણાના બીજ વવાય છે તે બીજ દગ્ધ થવા માટે પ્રારંભથીજ તેના નિવારણભૂત શુદ્ધ વિચારરૂપ ઔષધ—તેની શકિતના પ્રમાણમાં મળી શકે તેને માટે યોગ્ય ગોઠવણો કરવી. અને ધાર્મિક કેળવણીમાં પ્રૌઢતા પ્રાપ્ત કરી ગૃહસ્થ શ્રાવકો પણ સારા વિદ્વાન નિવડે અને બીજાઓને ઉપયોગી થઇ પડે એવી સંગીન ગોઠવણ કરવી. તેમજ વ્યવહારિક કેળવણીમાં આગળ વધવા ઇચ્છનાર પણ વધારે આગળ વધી ઘણા જૈનબંધુઓનું આશ્રય સ્થાન થઇ પડે તેવી ગોઠવણ કરવી. જેથી આ ત્રીજો વિષય હાથ ધરવાની સાફલ્યતા થઇ શકશે.

૪ ચોથો વિષય **નિરાશ્રિત જૈનોને આશ્રય** આપવા સંબંધી છે. આની તો ખાસ આવશ્યકતાજ છે. અને તેમાં બહોળે ભાગે જૈન દ્રવ્યવા-નોનુંજ કામ છે. બુદ્ધિમાન ગુણવાન કે વિદ્વાન એમાં ઝાઝું કરી શકે એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. પૂર્વ પુણ્ય યોગે પ્રયોગવડે યા બીન પ્રયાસે સંપત્તિ પ્રાપ્ત થઈ હોય તેનો યોગ્ય વ્યય કરવાની–ફરી તેવી સંપત્તિ પ્રાપ્ત કરવા માટે–ખાસ જરૂર છે અને તેને માટે પ્રથમ પોતાના સ્વામીભાઈઓ તરફજ હાથ લંબાવવાની આવશ્યકતા છે. જોતાં જોતાંમાં પાંચ દશ વર્ષમાં આપણા જૈન બંધુઓની સ્થિતિ ઘણે સ્થાનકે અતિ મંદ જોવામાં આવે છે. તો જ્યારે તેને 'સ્વામીભાઈ' એવા શબ્દથી વાચ્ય કરીએ અને પછી એક ભાઈ ભુખે મરે ત્યારે બીજો ભાઈ એશઆરામ કરે કે લક્ષ્મીને ડાટી મુકે એ કેટલું બધું અઘટિત છે. તેનો સુજ્ઞ શ્રીમંતોએ વિચાર કરવાની જરૂર છે. પૂર્વે આપ્યાનું ફળ લક્ષ્મી મળવારૂપ છે અને ન આપ્યાનું ફળ તેને રીસાવવારૂપ છે. હવે મળેલું સ્થાન કાયમ રાખવું હોય તો તો તે બીજાને આપવી અને સ્થાનનો અદલો બદલો કરવો હોય તો લક્ષ્મીને રાખી મુકવી અથવા પોતેજ ભોગવવી. આ બંને વાત પોતાને હાથ છે.

આ વિષયના ત્રણ વિભાગ કરવા જેવા છે. અનાથ બાળકોનું સંરક્ષણ, અનાથ વિધવાઓને આશ્રય અને નિરાશ્રીત જૈન બંધુઓને મદદ. આ સંબંધમાં આખા હિંદુસ્થાનને માટે કાંઈ એક ફંડથી કે એક હાથથી પહોંચી વળાય નહીં. એવા દ્રવ્યવાન અને એવા ઉદાર હાલ વર્તમાનકાળમાં દ્રષ્ટીગત થતા નથી પરંતુ જો જુદા જુદા વિભાગ તરફથી પોતપોતાનાં સર્કલ માટે ફંડ કરવામાં આવે અને આ કામ ઉપાડી લેવામાં આવે તો બનવા સંભવ છે. તેમાં પણ કોઈ સર્કલ એવું હોય કે જેમાં નિરાશ્રીતો વધારે હોય અને દ્રવ્યવાન વિશેષ હોય. જેમ કે બંગાળા. તો તેમણે કાઠીઆવાડ કે મારવાડ જેવા કોઈ દેશ માટે થતા ફંડમાં પોતાનો હાથ લંબાવવો. આ કાર્ય ખાસ જરૂરનું એટલા માટે છે કે પેટની પૂર્તિ શિવાય ધર્મ કાર્ય બની શકતું નથી. અને આપણા ભાઈઓને ભુખ્યા રાખી આપણે નિરાંતે ફરીએ એમાં આપણી શોભા નથી.

૫ પાંચમો વિષય **જીવદયાનો** છે. આ વિષય સર્વ આર્ય પ્રજાની સંમતિવાળો છે પરંતુ વાસ્તવિક દયાનું સ્વરૂપ જાણનાર તરિકે તેમજ તે કાર્યમાં તન મન ધનથી મદદ કરનાર તરિકે જૈન કોમ સુપ્રસિદ્ધ છે.

આના પેટા વિભાગમાં જૈનબંધુઓ શિવાયના સામાન્ય મનુષ્ય પરત્વે અનુકંપા, અનાથ જનાવરોનું સંરક્ષણ વિનાકારણ થતી જનાવરોની હિંસાનું નિવારણ અને જનાવરોપર ગુજરતા ઘાતકીપણાની અટકાયત આદી ચાર બાબતો રહી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને માટે યથાયોગ્ય પ્રયત્ન કરવાની જરૂર છે. આ ચાર પૈકી પહેલીબાબતમાં અજ્ઞાન વર્ગ આપણને ઉપેક્ષાવાળો સમજે છે. બીજી બાબતમાં આપણે યથાયોગ્ય પ્રયત્ન બહોળે ભાગે કરતા દેખાઇએ છીએ અને ત્રીજી ચોથી બાબતને માટે રાજ્ય સત્તાની મદદની આવશ્યકતા છે. આ બાબતમાં શું પ્રયત્ન કરી શકાય તે આગેવાન વર્ગે વિચારવા યોગ્ય છે.

૬ છઠ્ઠો વિષય **હાનીકારક રીવાજો દૂર કરવા તથા ભ્રાતૃભાવ વધારવાનો** છે. ભ્રાતૃભાવ વૃદ્ધિ પામવા માટે તો આ કોન્ફરન્સ મેળવવાનો ખાસ પ્રયત્નજ છે. પરંતુ તેમાં માત્ર એકઠા થવાથી ભ્રાતૃભાવ વધ્યો કહી શકાશે નહીં. પણ તે સાથે અંતઃકરણના મેલને દૂર કરી એક દિલે કામ થશે અને એક બીજાની સાથે સલાહ મેળવી મદદનીશ થવાશે તો ભ્રાતૃભાવ વધ્યો કહેવાશે અને વધશે.

હાનીકારક રીવાજો જેવા કે-મરણ પાછળ હદ ઉપરાંત રડવું કુટવું, મૃત્યુ પાછળ જમણવારો કરવી, શકિત ઉપરાંત નાત વરા વિગેરેના ફરજીયાત ખરચો કરવા, અભક્ષ પદાર્થો-કંદમૂળ, સોડાવોટર, લેમલેટ, મદ્યપાન, બીસ્કુટ વિગેરેનો પ્રચાર જે વધવા માંડયો છે તે ખાવા, બાળલગ્ન કરી ઉછરતા યુવાનોની જીંદગી રદ કરવી, ખાવા પીવાના વ્યવહારમાં વ્યાજબી છુટથી વર્ત્તી સંપ વૃદ્ધિ ન કરવી. વિગેરે અનેક બાબતો એવી છે કે જેને માટે અમુક સમુદાયના, અમુકજ્ઞાતિના, અમુક વર્ગના, અમુક દેશના આગેવાનો ધારે તો કેટલાક રીવાજો સખતાઇથી, કેટલાક હુકમ [illegible], કેટલાક નમ્રતાથી, કેટલાક સમુદાયિક બળથી, કેટલાક આધુનિક સ્થિતિનું ભાન કરાવવાથી જરૂરી અટકી શકે. આ બાબત આગેવાન ગૃહસ્થોએ જરૂર ધ્યાનપર લેવા યોગ્ય છે. કેમકે એમાંની કેટલીક બાબત એવી છે કે જે-આપણને શારિરીક સ્થિતિમાં પાયમાલ કરે, કેટલીક બાબતો એવી છે કે જે દ્રવ્ય સંબંધી સ્થિતિમાં પાયમાલ કરે અને કેટલીક બાબતો એવી છે કે જે ધાર્મિક સ્થિતિમાં પાયમાલ કરે, માટે એવી પાયમાલીમાંથી બચવા બચાવવા માટે આગેવાન વર્ગને લક્ષ આપ્યા શિવાય છુટકો નથી.

૭ સાતમો વિષય **જૈન ડીરેકટરીનો** છે. એની જરૂરીઆત માટે આ માસિકમાંજ અમે ખાસ વિષય લખેલા છે તેથી અહીં વિશેષ લખવાની જરૂર નથી.

૮ **ધાર્મિક ખાતાં તથા શુભ ખાતાના હિસાબો બરાબર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાખવા બાબત**-દરેક એવાં ખાતાં ચલાવનારા આગેવાનોએ ધ્યાનપર લેવા યોગ્ય છે. કેટલાંક ખાતાની ગેરવ્યવસ્થા માત્ર આગેવાનોના પ્રમાદને લીધેજ થાય છે. જો કે તેમાં સ્વાર્થબુદ્ધિ બીલકુલ હોતી નથી. કેટલાક ખાતા ચલાવનારાઓ હિસાબની વ્યવસ્થા કેવી હોવી જોઇએ તે જાણતા ન હોવાથી દોષિત દેખાય છે. કેટલાક એવાં ખાતાના આગેવાનો આપખુદી વાપરતા હોવાથી દોષપાત્ર થાય છે અને વખતપર કેટલાકમાં ગોટાળો પણ હોય છે. તો બનતા સુધી કોઇ પણ ખાતાની સંભાળ બે ચાર કે તેથી વધારે ગૃહસ્થોની કમીટી નીમીને રહેવી જોઇએ કે જેથી દોષોત્પત્તિનો સંભવ ન રહે અને બનતા સુધી જેમાં ખાસ કારણ ન હોય તેવાં ખાતાંઓના હિસાબ છપાઇને યા બીજી રીતે જાહેરમાં પણ મુકાવા જોઇએ. આ પ્રમાણે અનેક રસ્તા ગેરવ્યવસ્થા અટકાવવાના છે તેમાંથી જે યોગ્ય રસ્તા લાગે તે લેવા લેવરાવવાની સૂચના કરવાનું કામ કોન્ફરન્સનું છે.

૯ નવમો અથવા છેલ્લો વિષય **કોન્ફરન્સની યોજના પાર પાડવાના ઉપાયો સંબંધી** વિચાર કરવાનો છે. આ વિષય ખરેખરો જરૂરનો છે, એટલુંજ નહીં પણ સર્વમાં મુખ્ય છે. એટલે કે કોન્ફરન્સની માત્ર ત્રણ દિવસની બેઠકમાં કાંઇ બધાં કામ પાર પડી શકતાં નથી પણ કેટલાકના વિચારો થાય છે, કેટલીક ગોઠવણો થાય છે, કેટલીક સલાહો અપાય છે, કેટલીક યુક્તિઓ વપરાય છે અને કેટલાક કામ રસ્તે પાડવા જેવાં પણ થાય છે પરંતુ તે બધા પ્રકારોને માટે આખા વર્ષ પર્યંત પત્રવ્યવહાર ચલાવી, પ્રેરણાઓ કરી, વચનો યાદ આપી, યોગ્ય પ્રકારનું દબાણ વાપરી કે વપરાવી, ધારેલાં કાર્યો પૈકી થોડાંનો પણ અમલ કરાવવા માટે એક મુખ્ય ઓફીસ, પગારદાર યોગ્ય માણસો, કોન્ફરન્સની શાખાઓ, તેના વ્યવસ્થાપકો વિગેરે ગોઠવણો એવી રીતે થવી જોઇએ કે જેથી ત્રણ દિવસમાં વાવેલાં બીજોને આખા વર્ષ પર્યંત પાણી સિંચી કેટલાંકને અંકુરા લવાય અને કેટલાકને પત્ર પુષ્પ કે ફળની નિષ્પત્તિ પણ થાય.

ઉપર પ્રમાણે કોન્ફરન્સમાં લેવા યોગ્ય ધારેલા વિષયો સંબંધી સ્પષ્ટિકરણ કરેલું છે તે ઉપર જૈનવર્ગના આગેવાન ગૃહસ્થો ધ્યાન આપશે તો કાર્ય સિદ્ધ કરવાને ઉત્સુક અંતઃકરણ ઉપર પ્રકાશ પડવા સંભવ છે.

અમારા મિત્ર તત્વવિવેચકના લેખકે "વગર કારણે કોઇને ઉતારી પાડી એકમેકમાં અણગમો ઉત્પન્ન થાય તેવા પ્રયત્નથી પાછું હઠવું" એવી અમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિતશિક્ષા આપી છે પરંતુ અમારો લેખ કે અમારો આશય તેવું બતાવનારો નથી એમ એઓ સાહેબજ લક્ષ પૂર્વક વાંચી જોશે તો તેમની ખાત્રી થાય તેમ છે તોપણ અમે તેમની હિતશિક્ષા માથે ચડાવીએ છીએ અને કોઇપણ રીતે આપણા જૈનબંધુઓ પરસ્પર મિત્રભાવમાં વૃદ્ધિ પામે એવી અંતઃકરણથી ઇચ્છા ધરાવીએ છીએ. તથાસ્તુ.

# भव्य आत्महित शिक्षा.

આત્મહિતૈષી ભવ્ય પ્રાણીઓએ મૈત્ર્યાદિક ચાર ભાવનાઓ સમાસથી પણ આ પ્રમાણે ભાવવી યોગ્ય છે.

૧ સર્વ જગતના જીવો સુખી થાઓ. કોઇ દુઃખી મ થાઓ. સર્વ કોઇ સુખને રસ્તે ચાલો. દુઃખના રસ્તાથી દૂર રહો. ઇતિ પ્રથમા **મૈત્રી ભાવના.**

૨ શ્રી વીતરાગ વચનાનુસારી ત્રિકાળવર્તી સર્વ જગતના જીવોના. સર્વ સુકૃતોનું હું ત્રિવિધે (મન વચન અને કાયાવડે) અનુમોદન કરૂં છું. ઇતિ પ્રમોદ યા **મુદિતા ભાવના** દ્વિતીયા.

૩ સર્વદા સ્વશક્ત્યનુસારે પોતાનો યથાયોગ્ય નિર્વાહ કરવા અસમર્થ એવા દ્રવ્યથી દુઃખી જીવોનું દુખ અપહરવા યત્ન કરૂં તથા ધર્મહીન જીવોને ધર્મ પમાડવા સદા યત્ન સેવ્યા કરૂં. ઇતિ ત્રિતીયા **કરૂણા ભાવના.**

૪ સદા ધર્મથી વિમુખ તથા પાપકર્મને સન્મુખ એવા અયોગ્ય અનધિકારી અપ્રતિકાર્ય જીવોનું પણ અહિત અણઇચ્છિતો હું તેઓ પ્રતિ રાગ દ્વેષ રહિત મૌન અવલંબી રહું. ઇતિ **મધ્યસ્થ ભાવના ચતુર્થી.**

હવે ભવ્ય પ્રાણીઓ સદા નિર્વિઘ્નપણે પ્રમાદ રહિત આત્મહિત સાધી સદા સુખી થાય એવી બુદ્ધિથી પ્રેરાઇ કંઇક પ્રસંગોપાત લખવા યત્ન કરૂં છું.

જીવ માત્રને સુખ વહાલું અને દુઃખ દવલું લાગે છે ખરૂં પણ સાચું સુખ તો ધર્મ સેવન કર્યા વિના પ્રાપ્ત થતું નથી. એમ છતાં જીવો ધર્મ–આત્મહિત સાધવામાં વિલંબ–વાયદા કર્યા કરે છે. તેમજ દુઃખ માત્ર અધર્મ–અનીતિ– અન્યાય આચરણથી થાય છે. એમ છતાં તેથી પાછા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓસરતા નથી. તો પછી દુઃખનો છેડો આવી સુખનો દહાડો શી રીતે આવે ? તે સુખના અભિલાષી પ્રાણીઓએ પ્રથમ વિચારવાનું છે. પરમ પવિત્ર જ્ઞાનીઓના વચનોને વિષે કોઇ અંશે પ્રતીતિ–ખાત્રીવાળા જીવોને કદાચ તે તે સાંસારિક કાર્યો કરતાં ઝુરણા રહેતી હશે ખરી પણ સાહસિક થઇને જ્યાં સુધી અકાર્ય–અનીતિ–અન્યાયનો ત્યાગ પોતે કરતા નથી ત્યાં સુધી ખરા સુખનો સ્વાદ તેને મળતો પણ નથી. કેમકે સુખ મચકોડીને પણ ઝેર ખાનારો જીવી શકે છે શું ? તે તે જગત પ્રસિદ્ધ ઝેરો કરતાં પણ અકાર્ય અનીતિ અન્યાયાચરણનું, ઝેર બહુ આકરૂં છે. કેમકે તે તો એકજ વખત જીવિત હરે છે. અને આતો અનેક ભવો સુધી સંતાપે છે. તો પણ મૂઢ અજ્ઞાની જીવો તેનો ત્યાગ નહિં કરતાં બેધડક તેનેજ સેવ્યા કરે છે. એટલે અનીતિ અન્યાયજ આચર્યા કરે છે. અને પોતાનું ખરૂં હિત તકાસતા નથી. આ કેવી અજ્ઞાનતા ? આ કેવી મોહાંધતા ? અનેક પાપ–અન્યાયાચરણથી મેળવેલી વસ્તુ ખાવા પીવા કે ભોગવવામાં તો સંબંધ ધરાવનારા સર્વે આવી મળે છે પણ તેના પાપનો બોજો તો ભાઇ સાહેબને શિરેજ રહે છે જેથી તેને ભવાંતર (બીજા ભવો) માં ઇચ્છા નહિં છતાં નરકાદિક દુઃખો બળાત્કારે ભોગવવાંજ પડે છે. તે તે દુખોથી છોડાવવા, મુકત કરવા કે તેમાં ભાગ લેવા કોઇ કામે ( વગે ) આવતું નથી. અર્થાત્ શરણ રહિત તે બાપડાને તે તે સર્વ દુઃખો અવશ્ય ભોગવવાં પડે છે. જે દુઃખો પોતાનીજ મેળે પોતેજ પેદા કર્યા છે તે દુઃખોનો ઘણો લાંબો વખત ભોગવટો કર્યા છતાં પણ કેમેઅંત આવતો નથી. અથવા તો તે દુઃખો વડના બીજની પેરે વધતાંજ જાય છે. જેથી તે બિચારાનો કોઇ કાળે આરો–છેડો આવતો નથી અને બધો કાળ એમજ દુઃખમય નિર્ગમવો પડે છે.

હવે જો કોઇ હલુકર્મી ભવ્ય પ્રાણી આ મનુષ્ય ભવના ફકત અલ્પ સમયમાં કોઇ ભાગ્ય યોગે સમજ પામી ચેતી લે એટલે આ થોડો વખત પણ સ્વાધીનપણે, સ્વશકિત ગોપવ્યા વિના શ્રી વીતરાગ ભાષિત ધર્મ સેવન કરી સાર્થક કરી લે, તો તે સર્વ દુઃખોથી મુકત થઇ અનુક્રમે સર્વ સુખોને કાયમને માટે સ્વાધીન કરી શકે. એ વાત નિઃસંશય છે. એમ સમજી આત્મઘાતક પ્રમાદ સર્વથા પરિહરીને જે કોઇ ભાગ્યશાળી સ્વઆત્મહિત સાધવા સદા ઉજમાલ રહે તેની બલિહારી છે.

એક કવિ કહે છે કે.—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચેત તો ચેતાવું તુંનેરે, પામર પ્રાણી! ચેત તો ચેતાવું તુનેરે૦
તારે હાથે વપરાશે, તેટલુંજ તારૂં થાશે;
બીજું તો બીજાને જાશેરે. પામર૦
સજી ઘરબાર સારૂં, મીથ્યા કહે મારૂં મારૂં;
તેમાંથી ન કશું તારૂંરે, પામર૦
માખીએ મધપોડું કીધું, ન ખાધું ન દાન દીધું;
લુંટનારે લુંટી લીધુંરે. પામર૦
ખંખેરીને હાથ ખાલી, ઓચિંતાનું જાવું ચાલી;
કરે માથા ફોડ ખાલીરે, પામર૦
શાહુકારમાં તું સવાયો, લખપતિ તું લખાયો;
કહે સાચું શું કમાયોરે ? પામર૦
કમાયો તું માલ કેવો, આવે તારી સાથે એવો;
અવેજ તપાસ એવોરે, પામર૦
હાથમાંથી બાજી જાશે, પછીથી પસ્તાવો થાશે;
કાંઇ ન કરી શકાશેરે, પામર૦
હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી;
મુડી તારી થાશે તાજીરે, પામર૦
હાથમાંથી ધન ખોયું, ધુળથી કપાળ ધોયું;
જાણ પણું તારૂં જોયુંરે, પામર૦
દેવે તો રતનું દીધી, તેની ન કિંમત કીધી;
મણિ માટે મેશ લીધીરે, પામર૦
મનનો વિચાર તારો, મનમાં રહી જનારો;
વળતી નહી આવે વારોરે, પામર૦
નિકળ્યો જ્યાં શરીરમાંથી, પછી તું માલેક નથી;
કહે દલપત કથીરે, પામર પ્રાણી ! ચેત તો ચેતાવું તુનેરે.

એક મહાશય આચાર્ય મહારાજે પરમ પવિત્ર ધર્મ સેવનનું સંક્ષેપથી સ્વરૂપકહ્યું છે કે—

भक्ति तीर्थंकरे गुरौ जिनमते संघे च हिंसानृतं ।
स्तेयाब्रह्म परिग्रहाद्युपरमं क्रोधाद्यरीणांजयम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सौजन्यं गुणि संग मिन्द्रियदमं दानं तपो भावनां ।**
**वैराग्यं च कुरुष्व निर्वृतिपदे यद्यास्तिगन्तुंमनः ॥**

હે ભવ્ય ! જો તને શાશ્વત ( કાયમના માટેનું) અનંત (નિરવધિ) અને અનુપમ એવું મોક્ષસુખ સ્વાધીન કરવાનું મન ( ઇચ્છા ) હોય તો તું આ પ્રમાણે પરીક્ષા પૂર્વક ( સરલ પણે-ચોખેચિત્તે ઉત્સાહ પૂર્વક પૂર્ણશ્રદ્ધા રાખી ) પ્રવૃત્તિ કર.

પ્રથમતો અનંત વિજ્ઞાનશાલી સર્વદોષ-કલંક રહિત, જેના વચનોને કોઇ પણ પ્રકારે હેતુ યુકિતથી બાધા પહોંચી ન શકે એવા સિદ્ધાંતના પ્રણેતા-પ્રરૂપક, સર્વ દેવોને પુજવા યોગ્ય, અનંત ગુણ યુકત, રાગદ્વેષાદિકના વિજેતા ( સર્વથા જય કરનાર ), આપ્ત શિરોમણિ, અને સ્વયંભૂ ( ગુર્વાદિકના ઉપદેશ વિનાજ-સ્વયંબુદ્ધ ) એવા શ્રી દેવાધિદેવ-વીતરાગ પરમાત્માની શુદ્ધ સમજ કરી શુદ્ધાંતઃકરણથી ઉપાસના કર. તથા પૂર્વોકત શ્રી તીર્થંકર મહારાજના ફરમાન ( આજ્ઞા ) મુજબ વર્તનારા-રહેણી કહેણીમાં એક સરખા-મહા પવિત્ર દુષ્કર મહાવ્રતોને સેવનારા અને આત્માર્થિ ભવ્ય સમૂહને વીતરાગ ઉપદિષ્ટ માર્ગજ નિર્દંભપણે કહેનારા-સદ્ગુરૂ મહારાજાનું તું હે ભવ્ય ! ચોખે ચિત્તે સેવન કર તથા પૂર્વ નિર્દિષ્ટ શ્રી મહાદેવે તથા તદ્વચનાનુસારી શ્રી ગુરૂ મહારાજાએ રાગદ્વેષાદિક અંતરંગ વૈરીઓનો વિજય કરવા ઉપદેશેલા અત્યંત હિતકારી માર્ગ-આગમ શાસ્ત્રનું તું હે ઉત્તમ ! બહુ માનથી સેવન કર તથા પૂર્વ નિરૂપિત શ્રી તીર્થંકર મહારાજ તથા તદ્વચનાનુસારી શ્રી ગુરૂ મહારાજ તથા તદુપદિષ્ટ સિદ્ધાંતને અતિ કાળજીથી ( પ્રમાદરહિત) અનુસરી રહેનારા મહા મર્યાદા શીલ શ્રી સાધુ, સાધવી, અને શ્રાવક શ્રાવિકા રૂપ ચતુર્વિધ શ્રી સંઘની હે ઉત્તમ ! તું સદ્ભાવથી ભકિત (બહુમાન) કર. તથા હિંસા ( પ્રમાદથી પરના પ્રાણનો વિનાશ કરવો તે ) અનૃત ( અસત્ય ) સ્તેય ( ચોરી ) અબ્રહ્મ ( મૈથુન-કામ-વિષય સેવા ) અને પરિગ્રહ ( ધનધાન્યાદિક નવવિધ બાહ્ય અને મિથ્યાત્વાદિક ચતુર્દશ વિધ અભ્યંતર) નો હે ભાઇ! તું ત્યાગ કર અને અહિંસા સત્યાદિક સુવ્રતોનું સેવન કર તથા ક્રોધ, માન, માયા અને લોભ રૂપ ચાર ગતિ રૂપ સંસારને આપનારા અને વધારનારા ચારે કષાયોનો હે ભવ્ય ! તું જય કર. તથા સૌજન્ય કહેતાં સજ્જનતા ઉત્તમ-કુલીનતા તું આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર તથા ગુણિ જનોનો સંસર્ગ-મિત્રાઇ-ગોષ્ઠી કરી તન્નિષ્ઠ ગુણોનો અસંત આદર કરી તદ્વર્તી ગુણોને હે ઉત્તમ તું પોતે મેળવ. તથા ઇંદ્રિય દમન—સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રેદ્રિયોનું નિયંત્રણ ( નિગ્રહ ) કર તથા શ્રી જિન આજ્ઞારૂપ અંકુશવડે મનરૂપ મતંગજ ( હાથી ) નો પણ નિગ્રહ કર. યતઃ—

**વિષય ગ્રામકી સીમમેં, ઇચ્છા ચોરી ચરંતઃ**
**જિન આણા અંકુશ કરી, મન ગજ વશ કરો સંત.** તથા ચોક્તમ્-

**मन मरणेन्द्रिय मरणं, इन्द्रिय मरणेण मरंति कम्माइं ।**
**कम्म मरणेण मुक्खो, तम्हा मणमारणं पवरं ॥**

અર્થાત્ મનને મારવાથી ઇન્દ્રિયો મરે છે-સ્વાધીન થઇ જાય છે. અને ઇન્દ્રિયોના નાશથી કર્મો-જ્ઞાનાવરણીયાદિક સર્વેનો નાશ થાય છે. કર્મોના નાશ થવાથી એકાંતિક અને આત્યંતિક સુખ રૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે માટે મનનું મારવું ( મનને વશ કરવું) શ્રેષ્ટ છે. કારણ કે તે વિના અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થતી નથી. તથા દાન ( અભય-સુપાત્ર-જ્ઞાનાદિ-રત્નત્રયી તથા અનુકંપાદિક-દાન ) નું હે ઉત્તમ તું સેવન કર દાન એ કલ્પવૃક્ષ પેરે સુખદાયી છે માટે તથા તપ (**અનશન**-છઠ અઠ્ઠમાદિ, **ઉણોદરી**-બેચાર કવલાદિક ઉણ રહેવું તે, **વૃત્તિસંક્ષેપ**-સચિત્તત્યાગાદિક નિયમોનું પાલવું યા એકાશનાદિક કરવું યા અમુક આટલીજ વસ્તુઓ વાવરવી ઉપરાંત નહિં વાપરવી તે, **રસત્યાગ**-વિગયત્યાગ. **કાયક્લેશ**-( લોચાદિક ) કષ્ટોનું સમ્યક પ્રકારે સહન કરવું તે, અને **સંલીનતા**-શરીરના અંગોપાંગ સંકોચી એકત્ર સ્થાને સ્થિર રહેવું તે રૂપ ષટ વિધબાહ્ય **અને પ્રાયશ્ચિત્ત**-જાણતાં કે અજાણતાં થએલાં અપરાધની શુદ્ધિ માટે શ્રી તીર્થંકર ગણધર કે ભવ ભીરૂ ગીતાર્થે દર્શાવેલ ઉપાય વિશેષનું સેવન. **વિનય**-અરિહંતાદિક દશ પદોનો ૧ ભક્તિ ૨ બહુમાન ૩ ગુણસ્તુતિ ૪ અવગુણ ઢાંકવા તથા ૫ આશાતના ત્યાગ રૂપ પાંચ પ્રકારે, **વૈયાવચ્ચ**-બાલ ગ્લાન વૃદ્ધ આચાર્ય તપસ્વી તથા શ્રી તીર્થંકર દેવની આજ્ઞારૂપ મુકુટને ધારણ કરનાર શ્રી સંઘાદિકની યથા અવસર આત્મવીર્યે ફોરવી સેવા બજાવવી તે, **સઝાય**-૧ અભિનવ શાસ્ત્રપઠન ૨ શંકાસમાધાન માટે પૃચ્છા, ૩ ભણેલું ન વિસરી જવાય માટે તેનું ગુણવું, ૪ અર્થ ચિંતવન અને ૫ ભવ્ય પ્રાણીયોને ધર્મોપદેશ રૂપ. **ધ્યાન**-આર્તરૌદ્ર રૂપ બે અપધ્યાનના ત્યાગ પૂર્વક ધર્મ અને શુક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લ બે ઉત્તમ ધ્યાને મન ચિત્તને જોડી દેવું તે, અને **કાયોત્સર્ગ**-દેહાદિક સર્વ બહિર્ભાવો પરથી મમતા સર્વથા તજી કેવળ પરમાત્મભાવ-ધ્યાનમાં નિશ્ચલ રહેવું તે એમ ષટ્વિધ અભ્યંતર તપની જેમ જેમ શુદ્ધિને વૃદ્ધિ થાય થતી દેખાય તેમ આત્માર્થી પ્રાણીઓ સદા પ્રમાદ રહિત બાહ્ય તપમાં પણ પ્રયત્ન કરે યતઃ-बाह्यंतदुपबृंहकम्. માટે હે ભવ્ય ! તું પણ સ્વશક્તિ સંભાળી ઉભય તપ સેવન કર. તથા ભાવના-પૂર્વોકત મૈત્ર્યાદિક ચાર પ્રકારની અથવા અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ સંવર તથા નિર્જરાદિક બાર પ્રકારની તથા પાંચ મહાવ્રતોની પચીશ પ્રકારની એમ અનેકધા ભવનાશક ભાવનાઓ તું ભાવ. અને વૈરાગ્ય-વિરકત ભાવ સાંસરિક યા પૌદ્ગલિક ભાવોમાં અનાસકિત, ઉદાસીનતા ભાવ પ્રતિ હે ઉત્તમ તું ભજ. આ સંસારને નારક કે ચારક ( કેદખાના ) રૂપજ ગણી તેથી છૂટવા ઉત્કંઠ સહિત શ્રી વીતરાગ ઉપદિષ્ટ પરમ પવિત્ર ધર્મ કલ્પવૃક્ષનું અમૂઢપણે-દઢ આદરથી પ્રમાદરહિત હે ભવ્ય તું ચોખ્ખે ચિત્તે સેવન કર જેથી આ મહા ભયંકર ભવોદધિનો તું સુખે પાર પામી શકે. ખરેખર આ વીતરાગ ભાષિત ધર્મજ મહા નૌકા સમાન છે અને શ્રી તીર્થંકર દેવ ને મજ અક્ષરશઃ તદ્વચનાનુસારી શ્રી સદ્ગુરૂજ મહાનિર્યામક સમાન છે, જેની નિઃસ્વાર્થ સહાયથી ભવ્ય પ્રાણીઓ મહાસંકટ મય પણ ભવ સમુદ્ર સુખે ઉલંઘી શિવપુરીમાં જઇ વસે છે. જ્યાં કોઇ પણ રોગ શોક નથી, ઇતિ ઉપદ્રવ નથી, આધિ વ્યાધિ નથી, જયાં સિદ્ધાત્મા સદા નિરાગય, નિર્દ્વંદ્વ અચલ અનંત અને અનુપમ સમાધિ સુખમાંજ મગ્ન રહે છે. જે સુખ સમુદ્રના એક બિંદુ માત્રની તુલના કરે એવું જગતત્રયમાં કંઇ નથી. આમ છતાં અનિર્વાચ્ય, અનંત અને અનુપમ એવા તે શાશ્વત સુખથી પરાઙમુખ અને મધુબિંદુ તુલ્ય ક્ષણિક સુખ સ્વાદમાંજ મગન રહેવું તે શું ઓછું હાંસી હારક છે ! આમજ દુઃખને વિષે સુખની ભ્રાંતિથી અનંતકાળ હે મુગ્ધ આત્મન્ તેં ગુમાવ્યો તું રઝળ્યો. તો હવે હે ભવ્યાત્મન્ મહ મોહ નિદ્રામાંથી જાગૃત થા જાગૃત થા ! તારી અનાદિની ભૂલ તપાસ તપાસ ! તપાસીને તે સુધાર સુધાર ! અને શુદ્ધ નીતિનું સેવન કરી સમાધિ સુખનો સ્વાદ લે ! આવો અવસર ફરી ફરી નહિ આવે. માટે જાગ જાગ ! મોહની પથારીથી ઉઠ ઉઠ ઉઠ ઉઠ. પ્રમાદી થઇ પડી ન રહે. નહિંતો ઓચિંતો કાલ ( જમ ) ના સપાટામાં આવી જઇશ. તે વખત તારૂં કં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇ પણ જોર ચાલશે નહિં. તારા સંબંધિયો પણ ટગમગ જોઇ રહેશે. જેમ નહાર બકરાને ખેંચી જાય છે તેમ તારૂં પણ થશે માટે ચેત ચેત ! તારૂં કર્તવ્ય સંભાળ. તારૂં રૂપ-સ્વરૂપ નિહાલ. તું જાતે-સ્વરૂપે સિંહ જેવો છતાં શું શિયાળ જેવો પોચો થઇ બેઠો છે. બકરીના ટોળામાં બચપણથી અજ્ઞાનતાથી ભળી ગયેલો વાઘ પણ સ્વજાતીય-વાઘને દેખી પોતાનું સ્વરૂપ સંભારી પોતાની પૂર્વ અવસ્થાને શોધી પાછો પોતાનું સ્વરૂપજ ધારણ કરે છે તેમ અહીં પણ ભવ્ય પ્રાણીને કરવું ઘટે છે. પોતે સત્તાથી સિદ્ધ પરમાત્મા તુલ્યજ છે. પોતે પણ અસંખ્ય પ્રદેશોનો ધણી છે. અજ્ઞાનતાથી-કાયરતાથી કે વિપરીત આચરણથીજ સ્વસ્થાન ભ્રષ્ટ થયો છે. તો હવે જો પોતાનું સ્વરૂપ જાણવાનો ખપી થઇ તેને સમ્યગ્ રીતે જાણી લે કાયરતા તજી દઇ સાવધાન થઇ કર્મ આવરણોને હઠાવવા યત્ન કરે—કર્મોને હઠાવવા જે જે ઉત્તમ ઉપાયો શ્રી પરમાત્માએ સિદ્ધાંતમાં દર્શાવ્યા છે તેને સદ્‌ગુરૂદ્વારા નિર્ધારી તેમને યથાયોગ્ય યોજવા ઉદ્યમવંત થાય અર્થાત્ આત્મ શુદ્ધિને અનુકૂલ ઉદ્યમનેજ સેવે તો નિશ્ચયે અલ્પ સમયમાં પોતાનો આત્મા શદ્ધ-નિરાવરણ-સ્ફટિક જેવો નિર્મલ થઇ રહે તે વાત નિઃસદેહ છે. કેમકે આત્માનો મુળ સ્વભાવ સ્ફટિક રત્ન જેવો નિર્મળ છે પણ પુણ્ય પાપ જન્ય રાગદ્વેષ રૂપ ઉપાધિથીજ જેમ રાતા પીળા લીલા કાળા ફૂલોથી સ્ફટિક જુદુંજ ભાસે છે મ તેઓ આત્મા સ્ફટિક સદૃશ છતાં પણ વિપરીતજ ભાસે છે જેમ તે સ્ફટિક પરના ફૂલો યત્નથી દૂર કર્યે છતે શુદ્ધ-નિર્મળજ સ્ફટિક ભાસે છે તેમ અહીં પણ કર્મ જન્ય ઉપાધિ દુર કર્યે છતે આત્મા પણ સિદ્ધાત્મા તેવોજ નિર્મલ થઇ રહે છે. માટે શુદ્ધ આત્માના ખપી ભવ્યોએ ફક્ત તદનુકૂલ ઉદ્યમજ કરવો ઘટે છે. કેમકે કહ્યું પણ છે કે-उद्यमेन हि सिध्यंति कार्याणि न मनोरथैः— ઉદ્યમવડે કરીનેજ કાર્યો ( ગમે તેવા કઠીન હોય તો પણ ) સિદ્ધ થાય છે પણ મનોરથ માત્રથી નહિં. તે ઉદ્યમ અહીં શ્રી જિનશાસનને વિષે જ્ઞાન ક્રિયા ઉભયાત્મકજ દર્શાવ્યો છે તેમાં પણ જ્ઞાનનીજ પ્રધાનતા છે યતઃ**पढमनाणं तउदया**ઃપહેલું જ્ઞાન અને પછી દયા. અર્થાત્ જ્ઞાન વિના દયાનું સ્વરૂપ જાણે શી રીતે ? દયાનું સ્વરૂપ યથાર્થ જાણીને તેને આદરે છે તે સ્વલ્પ કાળમાંજ સ્વઇષ્ટ સાધી શકે છે. સ્વદયાને અવિરોધે પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રદયા કરવી પણ કદાગ્રહી ઢુંઢકાદિકોની પેરે કેવળ આપ મતેજ નહિં ઇ૰ ત્યાદિક શ્રી સદ્‌ગુરૂ દ્વારાજ પ્રાયઃઆપ્ત આગમોથી જાણી શકાય છે માટે સ્વહિતાભિલાષી દરેક ભવ્ય પ્રાણીએ શ્રી સદ્‌ગુરૂદ્વારા અતિનમ્રતા પૂર્વક શ્રી આપ્ત આગમોનો રહસ્ય જાણી-ધારી તેનો પ્રમાદ રહિત સ્વહિતાર્થે જરૂર આદર-ખપ કરવો જેથી સ્વલ્પ કાળમાં સહજ મુકિત સિદ્ધ થાય. તથાસ્તુ !

મુનિ કર્પુરવિજયજી.

ॐ नमः स्याद्वादवादिने.

# ध्यान विषय.

## धर्मध्यानांतर्गत अन्यत्व भावना.

**चिरलालियंपि देहं, जइ जिअमंतंपि नाणुवट्टेइ ।**
**ता तंपि होइ अन्नं, धणकणयाईण का वत्ता ॥ १ ॥**
**अन्नं इमं कुडुंबं, अन्ना लच्छी सरीरमवि अन्नं ।**
**मोत्तुं जिणंद धम्मं, न भवंतरगामिओ अन्नोत्ति ॥ २ ॥**

ભાવાર્થ—આત્માની સાથે અતિ બંધાએલો અને ઘણા કાળ સુધી મન ગમતા અશન પાનાદિકે કરી બહુ લાલનપાલન કરેલો એવો દેહ પણ વસ્તુગતે વિચારતાં આત્માથકી જુદો છે. કારણ કે—મૃત્યુ થયા બાદ આ દેખાતા શરીરની માટી થઇ જાય છે. પરભવમાં એકલો આત્મા જાય છે, પણ શરીર સાથે જતું નથી.

**પ્રશ્ન**—પરભવમાં જતાં આત્માને ત્યારે અશરીરપણું ઠર્યું.

**ઉત્તર**—બીજી ગતિમાં ગમન કરતા એવા આત્માની સાથે સાત ધાતુથી બનેલું એવું ઔદારીક શરીર કે વૈક્રિય શરીર જતું નથી. પણ કાર્મણ અને તૈજસ શરીર હોય છે; આત્માની સાથે શરીર જતું નથી. એ વચન ઔદારીક કે વૈક્રિય શરીરની અપેક્ષાએ સમજવું. પાંચ પ્રકારનાં શરીર કહ્યાં છે. ૧ ઔદારીક શરીર. ૨ વૈક્રિય શરીર. ૩ આહારક શરીર. ૪ તૈજસ શરીર. ૫ કાર્મણ શરીર. એ પાંચ શરીર કર્મના સદ્‌ભાવે કરીને હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. કર્મ બે પ્રકારનાં છે. ૧ શુભ કર્મ ૨ અશુભ કર્મ શુભ કર્મના ઉદયથી જીવ પૌદ્ગલીક સુખ ભોગવે છે અને અશુભ કર્મના ઉદયથી જીવ દુઃખ ભોગવે છે એ કર્મ જડ છે, રૂપી છે, અનાદિ કાળથી આત્માને લાગેલ છે.

**પ્રશ્ન**—એ કર્મનો નાશ શાથી થતો હશે.

**ઉત્તર**—સર્વજ્ઞ કથીત ધર્મ કરવાથી આત્માને લાગેલાં કર્મ દૂર થાય છે. માટે ધર્મ જાણવા વિશેષ પ્રયત્ન કરવો. જે પ્રાણી પૂર્વભવના સુકૃત્યયોગે પૌદ્ગલીક ઋદ્ધિ પામીને ધર્મ કરતા નથી તે પરભવમાં દુર્ગતિ પામેછે. ધર્મ એ ચિંતામણિ રત્ન કરતાં પણ અધિક છે, અને ધર્મથી મોક્ષ સુખ પામી શકાય છે.

હવે મૂલ વિષય ઉપર લક્ષ ખેંચી વિચારતાં માલુમ પડે છે કે કર્મ લેસ્યા શરીર સંઘયણ ઇત્યાદિ વસ્તુ જો આત્માની નથી, આત્મા થકી ભિન્ન છે તો ધન, પુત્ર, સ્ત્રી, ઘર, હાટ, રાજ્ય, બાગ, બગીચા વિગેરે પોતાથકી અત્યંત ભિન્ન વસ્તુઓ આત્માની શી રીતે કહી શકાય. કોઇ સદ્ગુરૂ યોગે આપણે તેમ જાણીએ છીએ પણ તે ઉપર ઉપરનું એમ સમજાય છે. જો અંતઃકરણ પૂર્વક સ્ત્રી, પુત્ર, ધન પોતાનાં નથી એમ માલુમ પડે તો તેના ઉપર વધારે મોહ કેમ ઉત્પન્ન થાય ? અલબત થાય નહીં. જેમ ચોમાસાની ઋતુમાં તળાવોમાં પાણી ભરાય છે, ત્યારે નાના છોકરાઓ ફુટી ગએલા ઘડા વિગેરેની ચકરડીઓ કરીને પાણીમાં એવી રીતે ચગાવે છે કે પેલી ચકરડીઓ પાણી ઉપર કુદતી કુદતી ચાલી જાય છે. પાણીનો સંપૂર્ણ સ્પર્શ કરતી નથી. પછે તેનો વેગ બંધ થઇ જાય છે, ત્યારે ડુબી જાય છે, તેમ—સંસારી જીવોના ઉદયરૂપી સરોવરને વિષે ગુરૂમહારાજની દેશનારૂપી ચકરડીઓ ઉપર ઉપર થઇને ચાલી જાય છે; ભાગ્યવંતોને તરત દેશનાની અસર થાય છે.

કેટલાક ભવ્યો ગુરૂમહારાજની પાસે ભર્યા આવે છે, અને ખાલી જાય છે, કેટલાક જીવો ખાલી આવે છે અને ભર્યા જાય છે, કેટલાક જીવો ખાલી આવે છે અને ખાલી જાય છે, અને કેટલાક જીવો ભર્યા આવે છે અને ભર્યા જાય છે. તે આ પ્રમાણે—કેટલાક જીવો અનાદિકાળથી આત્માને લાગેલું એવું જે મિથ્યાત્વ તેવડે કરી ભર્યા છતાં ગુરૂમહારાજની પાસે આવે છે. સદ્ભાગ્યે ગુરૂમહારાજની વાણી સાંભળતાં પોતે મનમાં વિચારે છે કે—અહો મારાં મોટાં ભાગ્ય કે, ગુરૂમહારાજ મારા ઉપર કૃપા લાવી મને ઉપદેશ આપે છે. તેમને મારી પાસેથી કંઇ લેવું નથી. ફક્ત મારા હિતને માટે સમજાવે છે. એમ હૃદયમાં વિવેક જાગતાં હર્ષીત થઇ બે હાથ જોડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશ સાંભળવા બેસે છે. ગુરૂમહારાજ પણ તેને યોગ્ય જાણી ધર્મનું સ્વરૂપ સમજાવતાં છતાં કહે છે કે હે ભવ્યજીવ! આ સંસાર બળતા આગ્ન સમાન છે, જે જે વસ્તુઓ આંખે દેખાય છે, તે આત્માથકી ભિન્ન છે. તેમાં તારૂં કંઇ નથી. તું અનાદિકાળથી મિથ્યાત્વના યોગે ચાર ગતિરૂપ સંસારમાં ભટકે છે. જેણે મિથ્યાત્વનો ત્યાગ કરી સદ્ધર્મનું અવલંબન કર્યું તે ભવ્યો કર્મનો નાશ કરી શિવપદને પામે છે, ત્યારે શ્રોતા જે ભવ્ય પુરૂષ તેના મનમાં એમ પ્રશ્ન ઉઠે છે કે-મિથ્યાત્વ શું હશે અને મિથ્યાત્વ મને ક્યારથી વળગ્યું ? એમ પ્રશ્ન થતાં વિનય પૂર્વક ગુરૂમહારાજને પુછે છે કે-હે તારક! મિથ્યાત્વનું સ્વરૂપ મને સમજાવો. ત્યારે ગુરૂમહારાજ કહે છે કે-કુદેવને દેવબુદ્ધિથી માનવા, કુગુરૂને ગુરૂ તરિકે માનવા, કુધર્મને ધર્મબુદ્ધિથી સ્વીકારવો, તત્ત્વને अतत्त्व માનવું. અતત્ત્વને तत्त्व તરીકે માનવું તે મિથ્યાત્વ જાણવું. એમ તેનું વિશેષ સ્વરૂપ ગુરૂમહારાજ સમજાવે છે ત્યારે તે પ્રાણી મિથ્યાત્વનો ત્યાગ કરી સુદેવ સુગુરૂ સુધર્મનો સ્વીકાર કરે છે. એ પ્રમાણે મિથ્યાત્વવડે ભર્યા આવેલા એવા જીવો ગુરૂમહારાજની પાસે આવી સત્ય તત્ત્વ સાંભળતાં મિથ્યાત્વથી ખાલી થઇને જાય છે, એમ સમજવું.

કેટલાક જીવો ગુરૂમહારાજની પાસે ખાલી આવે છે અને ભર્યા જાય છે, તે ઘટાવે છે. જ્યાં સુધી સદ્‌ગુરૂ સમાગમ થયો નથી. ત્યાં સુધી જીવ ધર્મ અધર્મને જાણી શકતો નથી, કૃત્યાકૃત્યને જાણી શકતો નથી, ભક્ષ્યાભક્ષ્યને જાણી શકતો નથી, આત્મા અને જડ વસ્તુને ઓળખી શકતો નથી, દેવ કુદેવને ઓળખી શકતો નથી, પણ ભાગ્યોદયે સદ્‌ગુરૂની વાણી સાંભળે છે ત્યારે ગુરૂ મહારાજ તેને ધર્મ અને અધર્મનું સ્વરૂપ સમજાવે છે, કૃત્ય અને અકૃત્યનું સ્વરૂપ સમજાવે છે, ભક્ષ્ય વસ્તુ અને અભક્ષ્ય વસ્તુનું સ્વરૂપ કહે છે, આત્મા જ્ઞાન ગુણવાળો છે અને પુદ્‌ગળ વસ્તુ જડ છે, રૂપી છે, સક્રિય છે એમ સમજાવે છે, જીવ પારકી વસ્તુને અજ્ઞાનથી પોતાની માને છે પણ તે પોતાની નથી પારકી વસ્તુંને પોતાની માનવાથી દુઃખ ઉત્પન્ન થાય છે. જેમ કોઇ ગ્રહસ્થની હવેલી બળવા લાગી ત્યારે તેને બળતી જોઇ અજ્ઞાન થકી હવેલીને પોતાની જાણનાર પેલો ગ્રહસ્થ રૂદન કરશે, દુઃખી થશે. પણ બીજાઓ દુઃખી થશે નહીં. કારણ કે તેઓ એમ સમજે છે કે-એ હવેલી તો તે ગ્રહસ્થની હતી. આપણી નહોતી. એમ તેઓના મનમાં ઠસવાથી દુઃખની અસર થતી નથી. તેમ કોઇ ગ્રહસ્થનો પુત્ર મરણ પામે છે ત્યારે તે ગ્રહસ્થ તે પુત્રને પોતાનો માની રૂદન કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખી થશે પણ બીજા માણસો દુઃખી થશે નહીં. કારણ કે તેઓ સમજે છે કે તે ગ્રહસ્થનો છોકરો મરી ગયો. તે આપણો સગો પણ નથી. આપણું તે શું લેઇ ગયો. એમ સમજી દુઃખી થતા નથી. પણ મારૂં માની બેઠેલો પેલો ગ્રહસ્થ તથા તેની સ્ત્રી રૂદન કરે છે. એ સર્વે દુઃખ પરવસ્તુને પોતાની માનવા થકી થાય છે. એમ કહે છે. વળી રાગદ્વેષ જેનામાં હોય તે કુદેવ સમજવા, અને રાગ દ્વેષ રહીત હોય, બાર ગુણે કરી સહીત એવા તીર્થંકર ભગવાનને સુદેવ સમજવા. એમ સમજાવે છે. આ પ્રમાણે ગુરૂમહારાજનો ઉપદેશ સાંભળી. ભવ્ય જીવ મનમાં વિચાર કરે છે કે-અરે આજ દિન સુધી તો આપણે આડે માર્ગે ચાલ્યા, પાપનાં કૃત્ય ઘણા કર્યાં, સુકૃત્ય કર્યું નહીં અને અકૃત્ય કર્યું; પરદારા ગમન કર્યું, ચોરીઓ કરી, જુઠાં વચન બોલ્યો. હાય હવે હું અહીંથી મરીને કઇ ગતિમાં ઉત્પન્ન થઇશ. એમ સંસારનો ભય લાગતાં ગુરૂ મહારાજ પાસેથી શ્રાવક ધર્મ યા સાધુ ધર્મ અંગીકાર કરે છે. આ ઉપરથી સમજવાનું એ છે કે-પહેલાં તો તે ધર્મવડે કરી ખાલી હતો, પણ ગુરૂ મહારાજ પાસે આવતાં ધર્મવડે ભરાણો તેથી એવા જીવો ખાલી છતાં ભરેલા થઇને પોતાના ઘેર જાય છે.

કેટલાક જીવો ગુરૂમહારાજ પાસે ખાલી આવે છે અને ખાલી જાય છે. તે સમજાવે છે.

કેટલાક જીવો તો સંસારી કામમાં એવા ગુંચાએલા હોય છે કે--ગુરૂ મહારાજની પાસે આવવા નવરાશ મળે નહીં. કંચન અને કામિની એ બે વસ્તુઓને સારભૂત ગણે, એવા જીવને કોઇ ભવ્ય પુરૂષ કહે કે—ભાઇ! ગુરૂમહારાજની પાસે ઉપદેશ સાંભળવા તો આવો. ત્યારે કહે કે-મને નવરાશ નથી તેમ છતાં પણ તે ભવ્ય પુરૂષના આગ્રહથી-ગુરૂમહારાજની પાસે આવી વ્યાખ્યાન સાંભળવા બેસે. પણ તેને સાંભળવું ગમે નહી. બીજાની સાથે વાતો કરી વ્યાખ્યાન ડોળી નાંખે. વળી કદાપિ તેમ કર્યા વિના સાંભળવા બેઠો તો મનમાં વિચારે કે—શું આ બધું મહારાજ કહે છે તે સત્ય હશે? એમ સંશય કરે વળી મનમાં વિચારે કે-કયારે વ્યાખ્યાનની સમાપ્તિ થાય ને હું સર્વેથી પહેલો જતો રહું નહીં તો વળી ગુરૂમહારાજ કંઇ વ્રત પચ્ચખાણ કરવા કહેશે તો લાજના માર્યા ના કહેવાશે નહીં.

આ પ્રમાણે મનમાં વિચારની શ્રેણીઓ કર્યા કરે એમ કરતાં વ્યાખ્યાન પુરૂં થયું કે તરત ચાલ્યો જાય; જતાં જતાં પણ રખેને ગુરૂમહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલાવે. એમ મનમાં ભય રાખે એવા જીવો પેહેલાં પણ પણ ધર્મ કરતા નોહોતા તેથી ખાલી હતા. અને ગુરૂમહારાજની પાસે આવ્યા પણ ધર્મવડે કરી ભરાયા નહીં. અને ખાલી ગયા એમ સમજવું.

હવે કેટલાક જીવો ગુરૂમહારાજ પાસે ભર્યા આવે છે અને ભર્યા જાય છે તે સ મજાવે છે.

કોઇ જીવ દૈવયોગે ગુરૂમહારાજની પાસે આવે છે પણ તે પહેલાં કુગુરૂના ફંદામાં ફસાઇ ગએલો હોવાથી તેને કુગુરૂએ ભરમાવ્યો હોય છે, તેથી સદ્‌ગુરૂની જોગવાઇ પામી ધર્મ સાંભળવા બેસે છે પણ તેને મિથ્યાત્વના ઉદયથી ગુરૂનાં વચનો ઉલટાં લાગે છે અને મનમાં વિચારે છે કે–

'આ ગુરૂ તો पोतानां बोर मीठां अने पारकां बोर खाटां એમ કહે છે. પોતાની વાતની પુષ્ટિ કરે છે અને મને પહેલાં જે ગુરૂએ ધર્મ કહ્યો હતો તેનું ખંડન કરે છે.' પણ એમ મનમાં વિચારતો નથી કે-ગુરૂ તો યુક્તિવાળું વચન કહે છે પણ મિથ્યાત્વના ઉદયથી તને અવળું ભાસે છે. વળી મનમાં ગુરૂમહારાજ ઉપર પણ દ્વેષ કરે છે. એમ બેઠો બેઠો કેટલાંક કર્મ બાંધી પાછો જાય છે.

ચેતનદ્રવ્યથકી પાંચ દ્રવ્ય ન્યારાં છે; તે પોતાનાં શીરીતે થઇ શકે. માતા સ્ત્રી પુત્ર સૌ સ્વાર્થનાં સગાં છે. પરદેશી રાજાને સૂરિકંતા રાણીએ ઝેર આપ્યું. વિચારો કેવો પતિ ઉપર પ્રેમ! ચુલણીએ પોતાના સ્વાર્થને માટે લાખના મહેલમાં પોતાના પુત્ર બ્રહ્મદત્તને તથા તેની સ્ત્રીને સુવાડી અગ્નિ સળગાવ્યો પણ તેનું આયુષ્ય હતું તો સુરંગવાટે થઇ નીકળી ગયો ને જીવતો રહ્યો પરંતુ માતાનો સ્નેહ તો એટલોજ જાણવો. શ્રેણીકરાજાએ પોતાના પુત્ર કોણીકનો પાકેલો લોહી પરૂવાળો અંગુઠો મુખમાં રાખ્યો. એટલો સ્નેહ પુત્ર ઉપર હતો. તેજ કોણીકે તેજ પીતાને કાષ્ટના પાંજરામાં નાખ્યો. માટે તત્વથી વિચારતાં કોઇ કોઇનું નથી. કહ્યું છે કે—

**तुं नहीं केरा कोइ नहि तेरा, क्या करे मेरा मेरा ।**
**तेरा हे सो तेरी पासे, अवर सबि अनेरा. आप० ॥**

ઇત્યાદિ વાક્યોથી अन्यत्व भावना ભાવતાં ઘણા જીવો મુક્તિપદ પામ્યા છે, પામે છે અને પામશે. अन्यत्व એ શબ્દથી દ્વૈતપણાની સિદ્ધિ થાય છે. जीवतत्व થકી ભિન્ન अजीवतत्त्व છે. એમ સિદ્ધિ થતાં અદ્વૈત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મતનુ નિકંદન થાય છે. એ ભાવના ભાવતાં આત્મા કર્મ રહિત થઇને મુક્તિપદને પામશે.

મુનિ. બુદ્ધિસાગર.

---

# युवानोने ग्राह्य सन्मार्ग.

( અનુસંધાન પૃષ્ટ ૧૨૦ થી )

( ૬ ) **ઉદ્યોગ.** ( Industry ) દરેક બાબતમાં મનને આનંદ આપનાર, સુખની વૃદ્ધિ કરનાર, આળસરૂપી માહાન્ શત્રુઓનો સંપૂર્ણ રીતે નાશ કરનાર, દરેક કાર્ય સિદ્ધિ થવાનું મુખ્ય સાધન, અને દુનિયાની ફરજો બજાવવામાં જે મુખ્ય હથિયાર છે તે ઉદ્યોગ છે; એવા બહુજ થોડા કાર્યો હશે કે જે ઉદ્યોગથી પાર પાડી શકાય નહિ; દરેક કાર્ય, દરેક ઇચ્છા, દરેક વૈભવ અને દરેક જાતનું સુખ ઉદ્યોગથી તરતજ મેળવાય છે; વળી મનોવૃત્તિ પણ શુદ્ધ આલ્હાદક થાય છે. આળસ એ મનુષ્યોનો મોટો શત્રુ છે; અને દરેક વખતે તે કાર્ય બજાવવામાં આડો આવી કાર્યની સિદ્ધી થવા દેતો નથી; તેને આશરે જઇ રહેનારા લોકોને સુખ પ્રાપ્ત થઇ શકતું નથી, અને તેઓની દોલત સાથે શરીર સંપત્તિનો પણ ધીમે ધીમે ક્ષય થઇ જાય છે; વળી ઉદ્યમી મનુષ્ય હંમેશાં પોતાના કાર્યોમાં ગુંથાએલો રહેવાથી અનીતિને માર્ગે ચાલવાની તેઓને ઇચ્છાજ થતી નથી, પણ આળસુને તેથી ઉલટું અનીતિને રસ્તે ચઢવાનું સાધન તરતજ મળી જાય છે; કહ્યું છે કે-

" उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः;

કાર્યો ઉદ્યમ કરવાથી સિદ્ધ થાય છે, પણ ઇચ્છા કરવાથી સિદ્ધ થતા નથી, ! દલપત રામ પણ કહે છે કે.

" કલ્પ વૃક્ષ કાને સુણ્યું, આપે ઈચ્છિત ભોગ;
મેં મનમાં નિશ્ચય કર્યો, કલ્પ વૃક્ષ ઉદ્યોગ. ૧

ઘેર કાંઇ પણ ઉદ્યોગ વિના આળસુ બેસી રહેનાર ખરેખર દેશના શત્રુજ છે; તેઓ પોતાને, પોતાના કુટુંબને, પોતાની જ્ઞાતિને કે પોતાના દેશને જરા પણ ફાયદો કરતા નથી, પણ ઉલટા દેશના મજુરોએ મહેનતથી ઉપાર્જન કરેલા ધાન્ય કાંઇ પણ બદલો ( ઉદ્યમનો ) આપ્યા વગર ખાઇ દેશને હાનિકર્તા થઇ પડે છે. દરેક પ્રાણી આ સૃષ્ટિમાં ઉત્પન્ન થઇ આગળ વધવાનો પ્રયત્ન કરે છે, અને આ પ્રયત્ન ઉદ્યોગથી તરતજ સફળ થાય છે; ઉદ્યમ વગર કાંઇ પણ વસ્તુની પ્રાપ્તિ થાય તેવું ઇ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચ્છવું તે પણ ખરાબ છે. પોતાને જોઇતી દરેક વસ્તુ દરેક પ્રાણીએ ઉદ્યોગથીજ મેળવવી એવી તેની ફરજ છે. અને જેમ જેમ આ ફરજ તરફ ઓછું લક્ષ આપે તેમ તેમ ધારેલી વસ્તુ મેળવતાં બહુજ મુસ્કેલી પડે છે. યુવાવસ્થા એ ઉદ્યોગ કરવાની મુખ્ય વય છે; તેમાં ઉદ્યમ વગર બેસી રહેનાર પુરૂષ ઘણું કરીને પછીની અવસ્થામાં દુઃખીજ થાય છે માટે પોતાથી બને તેટલો દરેક યુવાને ઉદ્યોગ કરવો, અને આળસને દુર કાઢવું.

( ૭ ) **સંપ**—( Harmony ).

સંપ એ જીંદગીની ચારે અવસ્થામાં ઉપયોગી છે. જે કુટુંબમાં સંપ હોય તે કુટુંબ સુખને રસ્તેજ દોરાય છે, પણ જે કુટુંબના માણસો સંપીને નહિ ચાલતાં, એક બીજા સાથે કંકાસ કરે છે તેઓ દુખીજ થાય છે. સર્વ વસ્તુઓનો નાશ કરનાર, અને સફળતા મેળવવામાં આડો આવનાર કુસંપ છે. જ્યાં કુસંપ દાખલ થયો ત્યાં તરતજ કંકાસ દાખલ થાય છે અને ક્લેશ દાખલ થતાંજ ગૃહનો આનંદ અને વૈભવ ચાલ્યા જાય છે. સર્વે મનુષ્યને એક બીજાનો ખપ પડે છે, અને તેથી જો સંપથી દરેક મનુષ્યો જોડાયા હોય, તો તેના કાર્યોમાં ફત્તેહ બહુજ સહેલાઇથી મળે છે. ક્લેશી પુરૂષનું મુખ જોવું પણ કોઇને ગમતું નથી, અને તેનાથી દૂર રહેવા દરેક જણ પ્રયત્ન કરે છે. સર્વેની સાથે સંપીને ચાલનાર અને સર્વેને તેના કામ કાજમાં મદદ કરનાર મનુષ્ય તરફ આપણી પ્રીતિ તરતજ દોરાય છે. સંપેલા મનુષ્યો, જો કે થોડા અને નિર્બળ હોય, તોપણ સબળને પહોંચવાને તેઓ શકિતવાન થાય છે. કહ્યું છે કે—

**“ अल्पानामपि वस्तुनां, संहति कार्य साधिका ।**

સ્વલ્પ એવી પણ વસ્તુઓનો સંયોગ કાર્યોને સંપુર્ણ સાધ્ય કરે છે.” જે કાર્યો પાર પાડવા બહુ મુશ્કેલ લાગતા હોય, જે પાર પાડતાં કંટાળો ઉપજતો હોય તેવા કાર્યો પણ સંપથી તરતજ પૂર્ણ કરી શકાય છે. દરેક જગ્યાએ વેપાર, જ્ઞાતિ, કુટુંબ વિગેરેમાં સંપ હોય તોજ વૃદ્ધિ થઇ શકે છે. જો જ્ઞાતિમાં સંપ ન હોય તો તેમાં તડ પડે છે, અને એક બીજા સાથે ક્લેશ કરી વ્યવહાર તોડી નાંખે છે. આવીજ રીતે વેપારી વર્ગમાં કુસંપ પેસવાથી વેપારમાં કાંઇ લાભ રહેતો નથી; અને કુટુંબમાં ક્લેશ પેસવાથી તો જે ભાઇઓ એકઠા ઉછર્યા હોય, સાથે ખાધું પીધું હોય તેઓને વઢવાડ થાય છે. આવી રીતે હરેક બાબતને કુસંપ અધોગતિએ પહોંચાડે છે. યુવાવસ્થામાં સંપની ખાસ જરૂર છે. તેઓને પોતાના કાર્યો જુદી જુદી જાતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યો સાથે કરવાનાં હોય છે, તેથી ક્લેશી સ્વભાવ રાખે તો તેને તેઓનાથી વિખુટાં પડવું પડે છે. માટે દરેક યુવાનોએ સગાં સંબંધીઓ અને બીજા સર્વે માણસો સાથે સંપ રાખી પોતનો ઉદ્યોગ જારી રાખવો જોઇએ.

( ૮ ) ઉદ્ધતાઈ—( Insolence )—

યુવાવસ્થાનો મોટામાં મોટો દુર્ગુણ ઉદ્ધતાઇ છે એ વખતમાં પોતાથીજ દરેક કાર્યો કરાય, પોતે કરે તેજ સારૂં, સર્વે બાબતોનો યશ પોતાને મળવોજ જોઇએ એવા મતથી દોરાઇ જઇ અનુભવીઓના આદ્ય શબ્દો તરફ દુર્લક્ષ કરે છે વળી શીખામણ આપનારા પુરૂષો પ્રતિ પણ ઉદ્ધતાઇથી તિરસ્કાર બતાવે છે. પોતાના વડીલો, માતા, પિતા વિગેરે તરફનું માન ઉડી જાય છે, અને તેને બદલે “ તેઓને શી ખબર પડે ” એમ બોલી તેઓની યોગ્ય સલાહ ઉપર ધ્યાન નહિ આપી આખરે પસ્તાવો કરવાનો વખત આવે છે. આ અવસ્થામાં પોતાના જ્ઞાનને માટે બહુ ઉંચો વિચાર હોવાથી પોતે સંપૂર્ણજ છે એમ મનમાં માને છે અને તે કારણથી અનુભવી માણસોના વાક્યો તરફ ધ્યાન આપવા ઇચ્છા થતી નથી. વૃદ્ધ મનુષ્યો સંસારના સપાટાનો અનુભવ કરીને ઉદ્ધતાઇ કરતાં બંધ પડે છે. પણ યુવાનોમાં અનુભવની ખોટ હોવાથી દરેક વખતે સાહસ કરી દે છે, અને પછી દિલગીર થવાનો પ્રસંગ આવે છે. તેઓનો પ્રવાસ માર્ગ તદ્દન નવીન હોવાથી જો સાહસ કરવા જાય છે તો તેની કલ્પનામાં પણ ન આવે તેવા વિઘ્નો તે માર્ગમાં આવી પડે છે. માટે કામ શરૂ કર્યા પહેલાં પોતાના મા બાપ, ગુરૂજન, અને સુજ્ઞ મિત્રોના વિચારો તરફ લક્ષ રખાય તો તે કાર્યમાં વ્યથા આવી પડવાનો સંભવ ઓછો રહે છે. જે જે મનુષ્યના ઘરમાં વૃદ્ધ મનુષ્ય ન હોય તેનાઘરમાં અવ્યવસ્થા માલુમ પડવાનો સંભવ છે, તેવીજ રીતે જે માણસ અનુભવીની સલાહ સિવાય દરેક યોગ્યાયોગ્ય બાબતમાં પોતાનાજ યુવાનીની ઉદ્ધતાઇથી ભરપૂર વિચારો તરફ ખેંચાઇ જઇ બીજાએ તેના હિતને માટે આપેલી શીખામણ તરફ ગર્વથી ધિક્કાર બતાવે છે, તે આ સૃષ્ટિમાં કુમાર્ગ ઉપરજ દોરાઇ જાય એવો સંભવ છે. જ્યારે ઉદ્ધતાઇ હ્રદયમાં ઉત્પન્ન થાય છે ત્યારે જ્ઞાનચક્ષુ બંધ થઇ જાય છે અને યોગ્યાયોગ્ય કાર્ય તરફ ધ્યાન અપાતું નથી, અને પછવાડેથી પસ્તાવો કરવાનો વખત આવે છે, પોતાના વિચારો તરફ ધ્યાન આપવું તે પણ અવશ્યનું છે, પણ તે વખત બુદ્ધિથી જરા વધારે વિચાર કરી તેમાં ઉદ્ધતાઇ થઈ જશે કે નહિ, તેનું મનન કર્યા પછી આપણા વિચારો તરફ દોરાવાથી ફાયદો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે. માટે દરેક યુવાન ભાઇ પોતાનામાં રહેલો ઉદ્ધતાઇનો દુર્ગુણ દૂર કરી કુમાર્ગેથી પાછા હઠશે.

( ૯ ) **ચિત્ત સ્થિરતા**–( Firmness of mind )

જેજે કાર્યો પુરા કરવાનાં દરેક મનુષ્યો ધારે છે, તે તે કાર્યો ચિત્તસ્થિરતાથીજ પુરા થાય છે. ચિત્ત એ એક મિત્ર સમાન છે. જેવી રીતે સુમિત્ર સારી સલાહ આપી સારે માર્ગે દોરે છે, તેવીજ રીતે સ્થિર અને સુશિક્ષિત ચિત્ત મનુષ્યના વિચારોને સુધારી તેને આગળ પાડે છે. દરેક બાબતમાં ખરા અથવા ખોટાની પોતાની પસંદગી તે આપે છે. જે કામ કરવા ચિત્ત ના પાડે તે કામ કરો તો તેમાં તમારૂં આખું શરીર કંપાયમાન થાય છે તેનો સર્વેને અનુભવ હશે. આ મનને સારી રીતે કેળવી, જેમ જેમ અનુભવમાં આવતું જાય તેમ તેમ, ઉત્તમ વિચારો સુપુસ્તકો અને સત્સંગથી જો તેને અનુશિક્ષા આપવામાં આવે તો તે સ્થિર થઇ યોગ્યા યોગ્ય કાર્યોની સમજણ આપે છે, અને બહુ લાભ કર્તા થઇ પડે છે. અસ્થિર મનવાળા મનુષ્યો કોઈ પણ કાર્યોનો આરંભ કરી શકતા નથી, અને શરૂ કર્યા પછી પણ અસ્થિર મનવડે કલ્પિત ઘણી આપત્તિઓ આવી પડશે એમ લાગવાથી તે અપુર્ણું છોડી દે છે. અસ્થિર ચિત્તવાળો મનુષ્ય મંદ બુદ્ધિવાળો હોઇ, પોતાના સમાગમવાળા લોકોને અણગમતો થઇ પડે છે. વળી અસ્થિર ચિત્તવાળો મનુષ્ય પોતાને પણ હાનીકર્ત્તા થઇ પડે છે; કોઇ ઉપયોગી કાર્ય તેને સોંપવામાં આવે છે તો તે ચિત્તની અસ્થિરતાથી પૂર્ણ કરી શકતો નથી તેથી તે કદાચ બીજાને પણ હાનિકારક થાય છે. વળી આવાં માણસો પોતાની ઉપર આવી પડેલી ઘણી ફરજો તરફ ધ્યાન આપી શકતા નથી જે કર્તવ્ય શરૂ કરે છે તે મહા મુસ્કેલીથી પુરૂં કરે છે, અને બાજા કાર્યોનો આરંભ તેને મહાન્ વિચારનું કારણ થઇ પડે છે. આથી ઉલ્ટી રીતે સ્થિર ચિત્તથી પોતાની દરેક કરણી ઉપર ધ્યાન રાખી શકાય છે, અને પોતાની ફરજો બજાવવામાં આવી પડતા વિઘ્નો દૂર કરી શકાય છે. યુવાવસ્થામાં જુદા જુદા ઘણા કાર્યો ઉપર ધ્યાન આપવાનું હોવાથી સ્થિર ચિત્તની બહુ આવશ્યકતા છે.

(૧૦) **શાંત સ્વભાવ.** ( Calm disposition )

પોતાની ઇચ્છા વિરૂદ્ધ જ્યારે કામો થાય છે, ત્યારે ક્રોધાવેશના સપાટામાં માણસ આવી જાય છે ક્રોધ એ મનુષ્યનો મોટો શત્રુ છે. ક્રોધી મનુષ્ય સારૂં અથવા ખરાબ જોઇ શકતો નથી. આવી રીતે કરેલો ક્રોધ ઘણીવાર વ્યર્થ પણ હોય છે. પણ જ્યારે ક્રોધાવેશ આવે છે ત્યારે સંસતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા અસત્યતા, વાજબી અથવા ગેરવાજબી કાંઇ જોવાતું નથી; અને એક ગાંડા માણસની માફકજ જેવું મનમાં આવે તેવું બોલી જવાય છે; અને પછવાડેથી પસ્તાવો કરવો પડે છે. આવી રીતે ક્રોધથી બોલાયેલા શબ્દો બોલનાર તથા સાંભળનાર બંનેને દુઃખિત કરે છે. જે કાર્યો શાંતતાથી કહેવાવડે પાર પડે છે તેજ કાર્યો ગુસ્સાથી કહેવાવડે અપૂર્ણ રહે છે. જે વાત, જે હુકમ, જે કાર્ય વીગેરે કાંઇ પણ ક્રોધથી કહેવામાં આવ્યું હશે, તેની અસર જરા પણ નહિ થશે; અને લોકો હસશે. વળી શાંતતાથી યોગ્યાયોગ્ય બાબત યથાસ્થિત જોઇ શકાય છે, વિચારાય છે, અને તેનો યોગ્ય ઉપયોગ કરાય છે. ઘેલા મનુષ્યની માફક શાંત સ્વભાવવાળો કદી પણ બકબકાટ કરી નાંખતો નથી. લોર્ડ ચેસ્ટર ફીલ્ડ કહે છે કે " ક્રોધ ઉત્પન્ન થાય કે તરતજ તે નરમ પડતાં સુધી ચુપ રહેવું. વળી તમારા ચહેરા ઉપરથી પણ તે આવેશ તમારે જણાવા દેવો નહિ. તમારી નમ્ર વર્તણુકથી સર્વને શાંત રાખો" ક્રોધીને તેના સર્વ કાર્યમાં વિઘ્નો આવી પડે છે; વળી એક દુર્ગુણ બીજા દુર્ગુણને તરતજ ખેંચી લાવે છે. તેથી ક્રોધી પુરૂષોમાં અસત્યતા વીગેરે દુર્ગુણો પણ આવે છે. કોલ્ટોન કહે છે કે " મદ્યના મદની પેઠે ક્રોધનો મદ માણસને બીજા પાસે ઉઘાડો પાડી દે છે અને પોતાનાથી ભુલવે છે. " શ્રી યશોવિજયજી ઉપાધ્યાય પણ કહે છે કે–

**ક્રોધ તે બોધ નિરોધ છે, ક્રોધ તે સંયમ ઘાતિરે;**
**ક્રોધ તે નરકનું બારણું, ક્રોધ દુરિત પક્ષપાતિરે. ૧**
**પાપ સ્થાનક છઠું પરિહરો.**

ક્રોધી પુરૂષને આ જન્મમાં સુખ મળી શકતું નથી. તેઓ વારંવાર ક્રોધ કરી પ્રત્યેક મનુષ્યને પોતાની વિરૂદ્ધ કરે છે; શાંત સ્વભાવ એ મ્હોટો સદ્ગુણ છે; અને યુવાવસ્થામાં તો બહુજ ઉપયોગી છે; તે કારણથી દરેક યુવાન અને વૃદ્ધો પણ ક્રોધને દૂર કરશે તો સુખી રસ્તા ઉપર આવવામાં તેઓને ઢીલ થશે નહિ.

---

## શ્રી મગશીજી તીર્થના સંબંધમ મળેલી ફતેહ.

### ( બાબુસાહેબ બદ્રીદાસજીને ધન્યવાદ. )

શ્રી મગશીજી તીર્થ માળવાદેશમાં ઉજ્જયની સમીપે આવેલું છે. તે તીર્થના સંબંધમાં છેવટનો ઠરાવ એવો થયો હતો કે–" સવારમાં છથી નવ બજ્યા સુધી દિગંબરીઓ પુજા કરે, તે વખતે શ્વેતામ્બરીઓએ દેરાસરમાં પણ પ્રવેશ કરવો નહીં. ત્યારબાદ શ્વેતામ્બરીઓએ આખો દિવસ પુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જા ભકિત કરવી." આ તીર્થ ખાસ આપણું છતાં આ ઠરાવ તદ્દન વિરૂદ્ધતાવાળો હતો. ઉપરાંત "ભંડારના સંબંધમાં પણ એક કમીટી નીમવી અને તેમાં દિગંબરીઓને પણ દાખલ કરવા." આવો ઠરાવ થયો હતો. આ બાબતમાં **બાબુસાહેબ બદ્રીદાસજી**એ પરિપૂર્ણ પ્રયાસ કરી, સખ્ત ગરમી છતાં પણ પોણાબે માસ પર્યંત **ગ્વાલીયર**માં રહી ફતેહ મેળવી છે અને ઉપરના બંને ઠરાવ રદ કરાવ્યા છે. ભંડાર આપણને સોંપાયો છે અને માત્ર ગ્વાલીયર સરકારના માનની ખાતર પ્રભાતમાં પ્રથમ દિગંબરીઓ પુજા કરી લેય એટલું ઠરાવ્યું છે તે પણ ધીમે ધીમે આળસી જવા સંભવ છે. આ કાર્યમાં બાબુસાહેબ બદ્રીદાસજી બહાદુરે એટલો બધો પ્રયાસ કર્યો છે કે જેને માટે તેઓ સાહેબને પૂરે પુરો ધન્યવાદ ઘટે છે અને આખી જૈનકોમ તેમની આભારી થઇ છે. આવા તીર્થ વાળનારા મહા પુરૂષો વીરલ હોય છે આવા ઉત્તમ પુરૂષના પ્રમુખપણાથી મુંબઇમાં ભરાનારી **જૈનકોન્ફરન્સ** પણ ફતેહમંદ નીવડવાની ખાત્રી થાય છે.

આ મહાન્ નરને આખા હિંદુસ્થાનના જૈન સમુદાય તરફથી યોગ્ય માન મળવાની આવશ્યકતા છે. **શ્રી શત્રુંજય** તીર્થના સંબંધમાં પણ **શેઠ. લાલભાઈ દલપતભાઇ** અને **શેઠ. મનસુખભાઇ ભગુભાઇ** વિગેરે એ સારો પ્રયાસ લેવા માંડયો છે જેને માટે તેઓ સાહેબ પણ ધન્યવાદને પાત્ર છે.

---

# वर्त्तमान समाचार.

## "કલકત્તામાં ધર્મશાળા."

કલકત્તામાં યાત્રાળુઓને રહેવા માટે બહુ મુસ્કેલી નડતી હોવાથી તે દૂર કરવા બાબુ **મોતીચંદનાથટે** પોતાના મરહુમ પિતાશ્રી ફુલચંદની ઇચ્છાથી લગભગ ત્રણ વર્ષ પહેલાં "ફુલચંદ મુકીમ ધર્મશાળા" એ નામથી એક ધર્મશાળા બંધાવવી શરૂ કરી હતી. ધર્મશાળા બહુ સગવડતાવાળી કરવામાં આવી છે, અને લગભગ ૨૦૦ મુસાફરો રહી શકે તેવી તેમાં ગોઠવણ કરવામાં આવી છે, લગભગ રૂ.૬૦૦૦૦ ખરચવામાં આવ્યા છે, અને તે બારાબઝાર શામબાઈ લાઇન નં. ૯ ના રસ્તા ઉપર બંધાવવામાં આવી છે. ઓગષ્ટ મહિનાની તા ૪ થીએ બંગાળાના લેફટેનન્ટ ગવર્નરે એક મોટા મેળાવડા સમક્ષ એક સુભાષિત ભાષણ સાથે જૈનો તથા બીજા દરેક હિંદુ મુસાફરને ઉતરવા માટે આ ધર્મશાળા ખુલી મુકવાની ક્રિયા કરી છે, બહાર દુકાનો કાઢવામાં આવી છે, જેના ભાડાથી તેનો ખર્ચ ચાલે એવી ગોઠવણ કરી છે અને તે ટ્રસ્ટીઓને હસ્તક સોંપી દેવામાં આવી છે.

For Private And Personal Use Only